આણંદના એક્સપ્રેસ વે પરના બ્રિજ પર ભારે વાહન પસાર થતાં ધ્રુજારીનો અનુભવ : મોટી હોનારત સર્જાય તે પહેલા પગલાં ભરવા જરૂરી

# બેડવા ઓવરબ્રિજ અકસ્માત સર્જે તેવો ભય

**આણંદ માર્ગ** અને મકાન વિભાગ દ્વારા હાઈવે ઓથોરીટીને આરઓબી તાત્કાલિક રીપેર કરવા તાકીદ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ નજીકથી પસાર થતાં એક્સપ્રેસ વે પર અલગ અલગ સ્થળે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યાં છે. જેમાં બેડવા ઓવરબ્રિજનો સમાવેશ થાય છે. આ બ્રિજ પર ભારે વાહન પસાર થતાં ધ્રુજારીનો અનુભવ થાય છે. આથી, તે ગમે ત્યારે અકસ્માત સર્જે તેવો ભય ઉભો થયો છે. આ અંગે માર્ગ અને મકાન વિભાગે બ્રિજને રિપેર કરવા હાઈવે ઓથોરિટિને પત્ર લખ્યો છે. જોકે, હજુ સુધી તેનો કોઈ અમલ થયો નથી.

આણંદના એક્સપ્રેસ વે પર ઉમરેઠ - ઓડ - સારસાને જોડતો બેડવા ઓવરબ્રિજ બે દાયકા જુનો છે. આ બ્રિજ પર છેલ્લા કેટલાક સમયથી ભારે વાહનો પસાર થતાં કંપન થાય છે. આ અંગે માર્ગ મકાન વિભાગની તપાસ દરમિયાન આરસીસી ક્રેસ બેરિયર જર્જરિત હાલતમાં જોવા મળ્યું હતું.

આ ક્રેસ બેરિયર બેન્ડ વળી ગયાં છે. જેથી મોટા વાહનો પસાર થતાં સમયે ધ્રુજારી આવી રહી છે. આ ધ્રુજારીથી રેલીંગના મસમોટા પોપડાં એક્સપ્રેસ વે પર પડે તેવી શક્યતા છે. જેથી નીચેથી પસાર થતા વાહનો પર પડે તો મોટો અકસ્માત થઈ શકે તેવો ભય ઉભો થયો છે. આ દૂર્ઘટના ટાળવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક બેડવા ઓવરબ્રિજ રીપેરીંગ કરવા માટે હાઈવે ઓથોરિટિને પત્ર લખવામાં આવ્યો છે. આમ છતાં ઓથોરિટિ દ્વારા હજુ સુધી કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી.

### એક્સપ્રેસ વે પરના બ્રિજની ચકાસણી જરૂરી

અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ વે બન્યાને બે દાયકા જેવો સમય થયો છે. આ એક્સપ્રેસ વે પર અનેક સ્થળે નાના - મોટા બ્રિજ બનાવવામાં આવ્યાં છે. આ તમામ બ્રિજની આવરદા પણ 20 વર્ષ જેટલો સમય થયો છે. હાલમાં મોરબી હોનારત બાદ બ્રિજની ગુણવત્તા ચકાસણીનો મુદ્દો ઉભો થયો છે. આ સમયે અમદાવાદ, ખેડા, આણંદ અને વડોદરામાંથી પસાર થતાં એક્સપ્રેસ વેના તમામ બ્રિજની ગુણવત્તા ચકાસણી કરવી જરૂરી બન્યું છે. બેડવાના બ્રિજની સ્થિતિ બહાર આવી છે. પરંતુ અન્ય બ્રિજની હાલત કેવી છે ? તે પણ સુધારવા લાયક હોય તો પગલાં ભરવા માંગ ઉઠી છે.



તસવીર: ફ્રાન્સિસ મેકવાન

સામરખા પાસે એક્સપ્રેસ વે પર લૂંટારા ત્રાટક્યાની વાત બોગસ નિકળી

# આણંદમાં શેઠને ₹8.61 લાખ ન આપવા માટે લૂંટનું તરકટ

**આણંદ ગ્રામ્ય** પોલીસે ગુનાનો ભેદ ઉકેલી ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદમાં સામરખા ગામ નજીક એક્સપ્રેસ વેના એક્ઝીટ પાસે કારમાં આવેલા શખસોએ ટ્રકને આંતરી હતી. બાદમાં ટ્રક ચાલક અને ક્લીનરે રિવોલ્વર બતાવી તેમની પાસે રહેલા કપાસના વેપારના રૂ.8.61 લાખની સનસનીખેજ લૂંટ થવાનો બનાવ બન્યો હતો. જોકે, પોલીસ તપાસમાં આ બનાવ ઉપજાવી કાઢ્યો હોવાનું ખુલ્યું હતું. જે સંદર્ભે ટ્રક ચાલક અને ક્લીનરની જ ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

છોટાઉદેપુરના નસવાડી ખાતે રહેતા આકબાની અમીનમહંમદ હનીફ કરિયાણા સ્ટોરની દુકાન ધરાવે છે. તેઓ ખેડૂતો પાસેથી કપાસ ખરીદી વેચવાનો વેપાર કરે છે. આથી, તેઓએ ટ્રક નં.જીજે 34 ટી 2511 ખરીદી હતી. આ ટ્રક પર રાજુ ઉર્ફે ભીમો ઉકેલ તડવીને ડ્રાઈવર તરીકે નોકરીએ રાખ્યાં હતાં. જેઓ શનિવારની રાત્રે દસેક વાગે ખેડૂતોનો ભેગો કરેલો કપાસ ટ્રકમાં ભરી વેચવા માટે હારિજ મહેસાણા અંબિકા કોટન ખાતે ડ્રાઈવર રાજુ તથા ક્લિનર સંજયને લઈને મોકલ્યાં હતાં. તેઓએ કપાસ ખાલી કરીને રૂ.8,61,132 રોકડ લીધા હતા. આ રૂપિયા લઈ નસવાડી આવવા માટે તેઓ નિકળ્યાં હતાં. દરમિયાનમાં સાંજના ડ્રાઈવર રાજુએ ફોન કરી જણાવ્યું હતુ કે, હારીજથી કપાસની ગાડી ખાલી કરીને, પૈસા લઈ અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઈવેથી પરત નસવાડી આવતા હતા. તે વખતે ચારેક વાગે આણંદ પાસે ગાડીને કોઈ ફોર વ્હીલરવાળાએ આગળ આવીને આંતરિ હતી. બાદમાં ગાડીમાંથી બે શખસ ઉતરી ગાડી પાસે આવીને રિવોલ્વર બતાવી અને બન્નેને નીચે ઉતારી દીધાં હતાં. બાદમાં જે કાંઇ પૈસા હોય તે આપી દેવા રિવોલ્વર બતાવી ધમકી આપી હતી. આથી, ડ્રાઈવર - ક્લિનર ડરી જતાં કપાસના વેપારના રૂ.8,61,132 જે ગાડીના કેબીનના બોક્સમાં મુકેલા હતા, તે બળજબરી પૂર્વક લૂંટી કારમાં ભાગી ગયાં હતાં. આ કાર સફેદ કલરની હતી અને તેમાં નંબર પ્લેટ લગાવી નહતી. આ અંગે આકબાની હનીફની ફરિયાદ આધારે અજાણ્યા શખસ સામે ગુનો નોંધ્યો હતો.

આણંદ જિલ્લા પોલીસ વડા પ્રવિણકુમારની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક જે. એન. પંચાલના માર્ગદર્શન મુજબ અલગ અલગ ટીમ બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. જોકે, પ્રાથમિક તપાસમાં જ સીસીટીવી ફુટેજમાં ડ્રાઈવર અને ક્લીનરે વર્ણન કરેલી કાર જોવા મળી નહતી. આથી, આ ઘટના પર જ શંકાઓ ઉઠી હતી. જેથી ડ્રાઈવર અને ક્લીનરે અલગ અલગ કરી આગવી ઢબે પુછપરછ કરવામાં આવી હતી. જેમાં બન્ને ભાંગી પડ્યાં હતાં અને રૂપિયાની લાલચમાં લૂંટની વાર્તા ઉપજાવી કાઢી હોવાની કબુલાત કરતાં પોલીસે બન્નેની અટક કરી કોર્ટમાં રજુ કર્યાં હતાં. જ્યાં કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યાં છે.



### ડ્રાઇવર અને ક્લીનર સામે નોકર ચોરીની કલમ લગાડવામાં આવશે

આણંદ ગ્રામ્ય પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી. કે. સોઢાએ જણાવ્યું હતું કે, લૂંટની વાત બોગસ સાબિત થઇ છે. આથી, લૂંટની કલમ અને આર્મ્સ એક્ટની કલમ હટાવવામાં આવશે. જેના બદલે રાજુ ઉર્ફે ભીમો તડવી અને સંજય ઉર્ફે શનો તડવી સામે નોકર ચોરીની કલમ હેઠળ ગુનો નોંધી એક દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યાં છે.

### એક્સપ્રેસ વે પર ઝાડીમાં છુપાવેલી રોકડ રકમ પોલીસે કબજે કરી

ડ્રાઇવર રાજુ અને ક્લીનર સંજયએ પૈસાની લાલચમાં લૂંટની વાર્તા ઘડી કાઢી હોવાની કબુલાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, રકમ પોતાની પાસે રાખવાનું આયોજન કર્યું હતું. પોલીસ ફરિયાદ કરાવી પોલીસની કાર્યવાહી પુરી થઇ જાય પછી પૈસાનો ભાગ પાડી લેવાનું નક્કી કર્યું હતું. આથી, તેઓએ એક્સપ્રેસ ટોલ બુથ પાસેથી રોડની નજીકથી ઝાડીમાં રોકડા રૂ.8,61,132 છુપાવ્યાં હતાં. જે પોલીસે કબજે કર્યાં હતાં.

# લુણાવાડામાં જમીન મુદ્દે ભાભી - દિયર પર હુમલો

**કાકા સસરા** સહિત ત્રણ શખ્સે મહિલાને મારમાર્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.23

લુણાવાડાના ઝરખવાડા ગામમાં જમીનના કબજે માટે ખેડૂત અને તેના ભાભી પર લાકડાથી હુમલો કરી મારમાર્યો હતો.

લુણાવાડાના ઝરખવાડામાં રહેતા જયંતિભાઈ અજમેલભાઈ માલીવાડ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેઓ 22મી નવેમ્બર,22ના રોજ સાંજના સાડા ત્રણેક વાગ્યાના સુમારે તેમના મોટા ભાઈ રામભાઈ ખેતરમાં મકાઈની ઓરણી કરવા ગયાં હતાં. આ સમયે જયંતીભાઈ તેમના ભાઈ રામાભાઈને ખેતરમાં પાણી આપવા માટે ગયાં હતાં. પાણી આપી પરત ઘરે આવતા હતા તે વખતે ઘરની આસપાસ બુમાબુમ થતી હતી. આથી, જયંતીભાઈ તુરંત ઘરે પહોંચી જોયું તો તેમના કાકા હિરાભાઈ ગલાભાઈ માલીવાડ તથા દિનેશ હિરાભાઈ મીવાડ, વાલીબહેન હિરાભાઈ માલીવાડએ હુમલો કરી શારદાબહેન માલીવાડને નીચે પાડી મારમારતા હતાં. આથી, જયંતીભાઈ વચ્ચે પડતાં તેમના કાકા હિરાભાઈ તેમના હાથની લાકડીથી હુમલો કરી મારમાર્યો હતો. આ સમયે રામાભાઈ પણ દોડી આવતાં ત્રણેય જતા રહ્યા હતા અને જતા જતા મારી નાંખવાની ધમકી આપી હતી. આ હુમલા અંગે શારદાબહેનને પુછતા જણાવ્યું હતું કે, અમારા ઘરની સામે આવેલી જમીન અમારી છે, તમે કેમ કબજો કરો છો ? તેમ કહી ત્રણેયે હુમલો કર્યો હતો. આ અંગે લુણાવાડા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે હિરા ગલા માલીવાડ, દિનેશ હિરા માલીવાડ અને વાલીબહેન હિરા માલીવાડ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ચાંદણાની પરિણીતા પર સાસરિયાંએ ત્રાસ ગુજાર્યો

**ઘરકામ જેવા સામાન્ય** બાબતે થયેલાં ઝઘડામાં પરિણીતાને ઘરમાંથી કાઢી મુકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.23

ખેડાના ચાંદણા ગામની પરિણીતા લગ્ન કરી અમદાવાદ ખાતે તેની સાસરીમાં રહેતી હતી. દરમિયાન સાસરીયાઓએ ઘરકામ બાબતે ઝઘડો કરી, પરિણીતાને કાઢી મુકી હતી.

ખેડા તાલુકાના ચાંદણા ગામમાં રહેતાં શાબીરખાન સીરાઝખાન પઠાણની પુત્રી સાહિસ્તાબાનુંના લગ્ન દોઢેક વર્ષ અગાઉ વટવામાં રહેતાં શેરમહંમદ હમીદભાઈ સાથે થયાં હતાં. લગ્ન બાદ સાસરીયે ગયેલી સાહિસ્તાબાનું સાથે શરૂઆતના બે મહિના સુધી સાસરીયાઓએ સારો વ્યવહાર રાખ્યો હતો. જોકે, બાદમાં સાસરીયાઓ ઘરકામ તેમજ અન્ય નાની-નાની બાબતોમાં વાંક કાઢી સાહિસ્તાબાનું સાથે ઝઘડવા લાગ્યાં હતાં. જેથી સાહિસ્તાબાનું રિસાઈને તેના પિયર ચાલી ગઈ હતી. દરમિયાન સાસરીયાઓ ત્યાં જઈને પણ સાહિસ્તાબાનું સાથે એક વખત ઝઘડો કર્યો હતો. સાહિસ્તાબાનું આઠેક મહિના સુધી પિયરમાં જ રહી હતી. ત્યારબાદ સમાજના આગેવાનોએ સમજાવટ કરી, સાહિસ્તાબાનુંને સાસરીમાં પરત મોકલી હતી. જેના ચાર મહિના બાદ સાસરીયાઓએ પોતાના અંદાજ મુજબ ઝઘડાં શરૂ કરી દીધાં હતાં અને તને ઘરનું કામકાજ કરવા માટે જ લાવ્યાં છે તેવા મ્હેણાટોણાં મારતાં હતાં. જોકે, ઘરસંસાર બગડે નહીં તે માટે સાહિસ્તાબાનું આ ત્રાસ મુંગા મોઢે સહન કરતાં હતાં. ગત તા.૧૪-૧૧-૨૨ ના રોજ સાસરીયાઓએ ભેગાં મળી સાહિસ્તાબાનું સાથે ઝઘડો કર્યો હતો. જે ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલાં સાસરીયાઓએ ગમેતેમ અપશબ્દો બોલી સાહિસ્તાબાનુંને ઘરમાંથી કાઢી મુકી હતી.

આ મામલે સાહિસ્તાબાનુંએ પોતાના પતિ શેહમહંમદ હમીદભાઈ ભીસ્તી, જેઠ બસીરભાઈ હમીદભાઈ ભીસ્તી, સાસું બાનુબીબી હમીદભાઈ ભીસ્તી અને જેઠાણી રેશમાબાનું બસીરભાઈ ભીસ્તી વિરૂધ્ધ ખેડા ટાઉન પોલીસમથકમાં ફરીયાદ આપી છે. જેના આધારે પોલીસે ચારેય સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદ શહેરમાંથી બાઈક ચોરાયું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

નડિયાદમાં કોલેજ રોડ પર આવેલ એક હોસ્પિટલના ગેટની બહાર પાર્ક કરેલું બાઈક ચોરી થયું હોવા અંગેની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ તાલુકાના વલાસણ ગામમાં રહેતાં સંજયભાઈ બાબુભાઈ ચૌહાણ ગત તા.૧૪-૧૦-૨૨ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં બાઈક નં જીજે ૨૩ બીએમ ૦૪૧૯ લઈને નડિયાદ સ્થિત એન.ડી. દેસાઈ હોસ્પિટલમાં દાખલ સસરાંને ટીફીન આપવા માટે આવ્યાં હતાં. તેઓ હોસ્પિટલના ગેટની બહાર પોતાનું બાઈક પાર્ક કરી અંદર ગયા હતાં. દરમિયાન કોઈ અજાણ્યો વાહનચોર સંજયભાઈનાં રૂ.20 હજારની કિંમતનાં બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ મામલે સંજયભાઈની ફરીયાદને આધારે નડિયાદ ટાઉન પોલીસે અજાણ્યાં વાહનચોર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં ઘરે બેઠાં મતદાન માટે અધિકારી બે વખત કોલ કરશે

**આણંદના** 247 વરિષ્ઠ નાગરિક અને 67 દિવ્યાંગ મતદારો ઘરે બેસી મતદાન કરશે

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદમાં ચૂંટણી પંચ દ્વારા આ વખતની ચૂંટણીમાં સૌ પ્રથમવાર 80 વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ મતદારો ઘરે બેઠાં બેઠાં જ મતદાન કરી શકે તે માટેની વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં 80 વર્ષથી વધુ વય ધરાવતાં 31,484 વરિષ્ઠ નાગરિકો અને મતદાર યાદીમાં દિવ્યાંગ તરીકે ફલેગ થયેલા હોય તેવા 10,807 દિવ્યાંગજનો મળી કુલ 42,291 મતદારો પૈકી ઘરે બેસી મતદાન કરવા ઈચ્છતાં 18,315 વરિષ્ઠ નાગરિકો અને 7,819 દિવ્યાંગ મતદારોને ઘરે રહીને મતદાન કરવા માટે જરૂરી માહિતી ભરવા માટેના કોરા ફોર્મ-12 ડી વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાંથી 247 વરિષ્ઠ નાગરિકો અને 67 દિવ્યાંગજનો દ્વારા ઘરે રહીને જ મતદાન કરવાનો વિકલ્પ પસંદ કરી ફોર્મમાં જરૂરી વિગતો ભરીને તે જમા કરાવવામાં આવ્યાં હતાં. મતદારો દ્વારા જમા કરાવવામાં આવેલા આ ફોર્મને ધ્યાને લઈ આગામી દિવસોમાં સબંધિત મતદાર વિભાગમાંથી મતદાન પ્રક્રિયા સાથે જોડાયેલા પોલીંગ ઓફિસર સહિતની અધિકારી-કર્મચારીઓની ટીમ મતદારોના ઘરે જઈને સબંધિત મતદારને પોસ્ટલ બેલેટ આપીને તેમને ઘરે બેઠા બેઠા જ મતદાન કરાવશે.

આણંદ જિલ્લાના પોસ્ટલ બેલેટના નોડલ અધિકારી અને જિલ્લા આયોજન અધિકારી જે. સી. રાવલે જણાવ્યું હતુ કે, મતદારોના ઘરે તેમને મતદાન કરાવવા જતા પહેલા તેમને એસએમએસ. દ્વારા મોબાઈલ દ્વારા અને બીએલઓ. મારફત અગાઉથી જાણ કરવામાં આવશે. એટલું જ નહી પરંતુ સબંધિત મતદારના ઘરે મતદાન અર્થે જતા પહેલા તે મતદાર બેઠક ઉપરના તમામ ઉમેદવારોને પણ આ બાબતની જાણ કરવામાં આવશે. બાદમાં સબંધિત મતદાર વિભાગની મતદાન ટુકડી મતદારના ઘરે જઈને સબંધિત મતદારને પોસ્ટલ બેલેટ આપશે. પોસ્ટલ બેલેટની સાથે બે કવર પણ મતદારને આપવામાં આવશે. બાદમાં મતદાર દ્વારા ઘરે બેઠા જ પોસ્ટલ બેલેટથી મતદાન કરી તે પોસ્ટલ બેલેટને કવરમાં મૂકવામાં આવશે. આ કવરને ઉપસ્થિત સૌની હાજરીમાં સીલબંધ કરવામાં આવશે. આ સીલબંધ કવરને અને ડેકલેરેશનને બીજા કવરમાં મૂકી તેને પણ સીલબંધ કરી મતદારની મતદાનની ગોપનીયતા જળવાય તે બાબતની સવિશેષ કાળજી રાખવામાં આવશે. જોકે, મતદાર બહાર હશે તો તેને બે વખત કોલ કરી તક આપવામાં આવશે.

### કેટલા મતદારો ઘરે બેઠા મતદાન કરશે ?

| બેઠક | વરિષ્ઠ | દિવ્યાંગ |
|---|---|---|
| ખંભાત | 30 | 16 |
| બોરસદ | 23 | 05 |
| આંકલાવ | 38 | 10 |
| ઉમરેઠ | 27 | 03 |
| આણંદ | 09 | 04 |
| પેટલાદ | 40 | 04 |
| સોજીત્રા | 80 | 25 |
| કુલ | 247 | 67 |

# આણંદ પાસે એક્સપ્રેસ વે પર બસમાં મહિલાની પ્રસુતિ કરાવવામાં આવી

**અમદાવાદથી સુરત** જતી બસમાં મહિલાને પ્રસુતિની પીડા ઉપડતાં આણંદની 108 એમ્બ્યુલન્સની ટીમ પહોંચી

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ નજીકથી પસાર થતાં એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહેલી અમદાવાદ - સુરત રૂટની બસમાં સવાર મહિલા મુસાફરને અચાનક પ્રસુતિની પીડા ઉપડી હતી. આથી, તાત્કાલિક આણંદ 108 એમ્બ્યુલન્સની ટીમને બોલાવવામાં આવી હતી. 108ની ટીમ દ્વારા સફળ પ્રસુતિ કરાવી માતા - પુત્રને આણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.



આણંદના એક્સપ્રેસ વે પરથી 22મી નવેમ્બર,22ની રાત્રિ પસાર થઈ રહેલા અમદાવાદ - સુરત રૂટની બસમાં સવાર સગર્ભા મહિલા મુસાફર સવાર હતાં. આ સમયે તેઓને અચાનક પ્રસુતિની પીડા ઉપડી હતી. આ અંગે 108ને જાણ કરતાં આણંદ ટાઉન હોલથી ટીમ એસટી બસ જે અમદાવાદથી સુરત જઇ રહેલી હતી ત્યારે પહોંચી હતી. રસ્તામાં જ મહિલાને પ્રસુતિનો દુઃખાવો ઉપડતાં બસમાં જ એમ્બ્યુલન્સના સ્ટાફને ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી.

આથી, એમ્બ્યુલન્સ સ્ટાફના ઈએમટી સુરેશ રાઠોડ અને પાયલોટ રિઝવાન શેખ દ્વારા ડોક્ટર અંજલીની સલાહ સૂચન પ્રમાણે સફળતા પૂર્વક ડિલીવરી કરાવી હતી. આ સમયે બાળકના રૂદન સાથે બસમાં સવાર મુસાફરોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. 108ની ટીમના પગલે માતા અને બાળકનો જીવ બચી ગયો હતો. જોકે, તેમને વધુ સારવાર માટે આણંદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યારે બસને આગળ મોકલી આપવામાં આવી હતી.

### બસ ચાલકની કૂનેહથી સરળતા રહી

આણંદના એક્સપ્રેસ વે પર બસમાં પ્રસુતિના કિસ્સામાં એસટી બસના ચાલકની કૂનેહ કામમાં લાગી હતી. સગર્ભા મહિલા અમદાવાદ હોસ્પિટલમાં હતી, જ્યાંથી તેને રજા લઇ સુરત લઇ જવામાં આવી રહી હતી. દરમિયાન નડિયાદ પસાર થતાં જ પ્રસુતિ ઉપડી હતી. જોકે, બસ ચાલક અગાઉ 108 એમ્બ્યુલન્સમાં ફરજ બજાવી હોવાથી સમગ્ર ગતિવિધિથી વાકેફ હોવાથી તેણે કૂનેહ વાપરી એક્સપ્રેસ વેના એન્ટ્રી પોઇન્ટ પાસે જ બસ રોકી હતી. જ્યારે 108ની એમ્બ્યુલન્સ ટીમ આવી તે સમયે તુરંત સારવાર મળી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
ઈશાન ન્યૂઝ પેપર એજન્સી
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199